જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભરૂચ પ્રસ્તુત




દ્વિમાસિક સામાયિક

વર્ષ 02, અંક 06

જુલાઇ - 2015

# પમરાટ

...ચાલો ફેલાવીએ સત્કાર્યની સુવાસ



## આ અંકમાં:


- પ્રાચાર્યની કલમે
- સંસ્થા સમાચાર
- લેખ
- ભરૂચનો ઇતિહાસ
- ભાષા શિક્ષણમાં
- કલાનું શિક્ષણ
- અમારી શ્રેષ્ઠ શાળા




કેળવણીના ક્ષેત્રમાં નાવીન્ય સભર કાર્યક્રમો -પ્રવૃત્તિઓ થતી રહેતી હોય તેની જાણકારી શાળાના વિદ્યાર્થીઓ -શિક્ષકો સુધી પહોચાડવા માટે નો"પમરાટ" દ્વારા વિનમ્ર પ્રયાસ થઇ રહ્યો છે.હાલમાં બાળકોની સર્જનશક્તિની ખીલવણી કરતા બે અદ્વિતીય કાર્યક્રમો **'બાળચિત્રકલા'** અને **'બાળકવિ સંમેલન'** મા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યા.ગામડા ગામની નાનેરી શાળામાં ભણતાં બળકોને પોતાની સર્જનાત્મક્તા વિકસાવવાની તક આપવામાં આવી તે ગૌરવપ્રદ ઘટના ગણાય. આપણે કેળવણીને વરેલા સૌ કોઇએ શાળાના બાળકોની સુષુપ્ત શક્તિઓને ખીલવવા કરેલા પ્રયાસોને નૂતન કાર્યક્રમોને અભિવ્યક્તિ મંચ દ્વારા રજૂ કરવા જોઇએ .

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા 'બાલદેવો' ની ઉન્નતિ –સર્વતોમુખી વિકાસ માટે અવનવી પ્રયુક્તિઓ –પધ્ધતિઓ વિશે ચિતન કરવામાં આવતું હોય છે.નૂતન ભગીરથ કાર્ય દ્વારા વિકાસની કેડી કંડારવાનો આ પ્રયાસ છે. ચાલો આપણે સૌ કેળવણીના ક્ષેત્રમાં આવનાર પરિવર્તનોને પામી વિકાસ માટે તત્પર રહીએ. નવા સત્રથી આપણી શાળામાં આવતું બાળક આનંદ –ઉત્સાહથી શિક્ષણ કાર્યમાં પ્રગતિ કરે. 'ભણતરનો ના ભાર જરાયે ,ભણતર બિલકુલ સહેલું ' હોવાનો અહેસાસ કરાવીએ તેવી પ્રાર્થના !

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ભરૂચ



**સંસ્થા સમાચાર :**

- બાળમેળા ડોક્યુમેંટેશન વર્કશોપ

  ૨૧.૪.૨૦૧૫

- ઇકોક્લબ ડોક્યુમેન્ટેશન વર્કશોપ

  ૨૨.૪.૨૦૧૫

- ઇનોવેશન શેરીંગ વર્કશોપ

  ૨૧.૪.૨૦૧૫

- ચિત્રકલા વર્કશોપ

  ૧૧.૫.૨૦૧૫ થી ૧૫.૫.૨૦૧૫

- બાળકવિ માર્ગદર્શન શિબિર

  ૧૯.૬.૨૦૧૫ થી ૨૦.૬.૨૦૧૫





**આર્ટ એન્ડ ક્રાફ્ટ રીસોર્સ સેંન્ટર ડેવલપમેન્ટ**





**મહાત્માં ગાંધી ચિત્રકલા વર્કશોપ**





બાલકવિ માર્ગદર્શક કાર્યશિબિર

ઈનોવેટીવ શિક્ષક શેરીંગ વર્કશોપ





શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ





## બાળકનો આત્મા : માતા અને શિક્ષકો

‘એક માતા સો શિક્ષકની ગરજ સારે છે.’

એકવીસમી સદીનું વસમું વિધાન છે. કારણકે બાળકના વિકાસ ઘડતરમાં માતા અને શિક્ષક એવા બિંદુઓ છે કે જ્યાંથી બાળક પોતાનું કારકિર્દીરૂપી શિખર બનાવી શકે છે. બાળકના વિકાસમાં બંનેનું નોંધપાત્ર યોગદાન છે. માતા અને શિક્ષક બંને વિદ્યાર્થીરૂપી સ્થિતિસ્થાપક ત્રાજવાનું પલ્લુ છે. આથી માતા અને શિક્ષક બનેનું સ્થાન બાળક માટે અનન્ય છે.

એક સર્વોત્તમ શિક્ષક માતા દ્વારા બાળકમાં રહી ગયેલી અધુરપ ને પૂરવાનું કામ કરે છે. માતા તેમજ પરિવારજનો પાસેથી બાળક જીવતા શીખે છે.,જ્યારે પોતાની ક્ષમતા મુજબ વિકસવાનું તે પોતાના આદર્શ શિક્ષક પાસેથી શીખે છે.

માતા પાસેથી બાળકરૂપે જીવન પ્રસ્થાન કરનારે સર્વોત્તમ નાગરિક બનાવી સમાજને અર્પણ કરવાનું કાર્ય શિક્ષકો જ કરે છે,એટલે કે પરિવારમાં પા-પા પગલી માંડનારને આંગળી પકડી સમાજ સુધી દોરી જવામાં શિક્ષક એક પથદર્શકની ભૂમિકા ભજવતો હોય છે.

જો એક માતા સો શિક્ષક બરાબર હોય તો બાળકને શાળાની જરૂરિયાત શા માટે?એવો સાહજિક પ્રશ્ન ઉદભવે છે કારણકે માતા પાસેથી બાળક બધુ જ જ્ઞાન પ્રાપ્ત કરી શકતુ નથી. કે માતા બધુ જ જ્ઞાન આપી શક્તી નથી. બાળકના વયવિકાસની સાથોસાથ તેનો માનસિક વિકાસ પણ થતો હોય છે. આથી તે પોતાની જરૂરિયાત મુજબ શાળા શિક્ષકો અને સમાજ પાસેથી અનુભવ જ્ઞાન પ્રાપ્ત કરે છે અને વિકાસ માટે શિક્ષકો અને શાળા જ જવાબદાર છે. એવુ પ્રતિપાદિત કરવુ કપરુ છે. પરંતુ તેને બાળકના વિકાસ માટેનાં અભિન્ન અંગ ચોક્કસ કહી શકાય.

વિદ્યાર્થીઓની શક્તિનો ખરો જ્ઞાતા શિક્ષક જ છે. જે બાળકની શક્તિઓને યોગ્ય દિશામાં ખીલવે છે. શિક્ષકે વર્ગખંડમાં ઉપસ્થિત દરેક બાળકની વિશિષ્ટ શક્તિ પારખવાની સામર્થ્ય ધરાવતો હોય છે. બાળકના જીવનમાં શિક્ષક જાંબ્યાનની ભૂમિકા ભજવતો હોય છે કે જે હનુમાનજીને પોતાની શક્તિનો પરિચય કરાવે છે. વિદ્યાર્થી પોતાના બળે કેટલુ ઉડાન ભરી શકે છે તે જાણીને શિક્ષક તેનું દિશા નિર્દેશન કરતો હોય છે.

ખરેખર, એક શિક્ષક સો માતાની ગરજ સારવાનું સામર્થ્ય ધરાવે છે એ સત્ય છે. કારણ કે આધુનિક પ્રણાલીમાં ત્રણ જ વર્ષના બાળકને શિક્ષકનો ખોળો ખૂંદવા માટે શાળાએ મોકલી દેવામાં આવે છે. તદ્ઉપરાંત શાળામાં રહેલ શિક્ષક એ એક સાથે અનેક બાળકોના જીવન ઘડતરનો પથદર્શક છે.

આમ, છતા પ્રવર્તમાન સમયમાં કેટલાંક અપવાદરૂપ કિસ્સાઓ માતા અને શિક્ષકરૂપી બાળકની દિવ્ય જ્યોતને કલંક લગાડી રહ્યા છે. જે બાળક્નું સંસ્કાર ઘડતર કરવાને બદલે સ્વહિત ખાતર બાળકને ઉંડી ખાઇમાં ધકેલી દે છે. શિક્ષક અને માતાનો બાળક પ્રત્યેનો હકારાત્મક અભિગમ જ બાળકને વટવૃક્ષ સુધી પહોચાડી શકે અન્યથા તે છોડ અવસ્થામાં જ કરમાઇ જશે.

ટૂંકમાં, બાળકની વિકાસરૂપી ગાડીને વણથંભી રીતે આગળ ધપાવવા માટે શિક્ષક અને માતારૂપી ગાડીના બે સમાન પૈડા છેવટ સુધી બાળકની સાથે રહે તો જ બાળકનો આત્મા ખુલ્લા આકાશમાં વિહરતા પંખીની જેમ ધબકતો રહેશે.


અંકિતા ત્રિવેદી

લેક્ચરર,ડાયેટ,ભરૂચ.


## એક શિક્ષક તરીકેનું કર્તવ્ય

શિક્ષકએ શાળાનો અરીસો છે. તેની પ્રતિભાએ શાળાનું પ્રતિબિંબ છે. તેથી શિક્ષકએ શાળાનું પ્રતિબિંબ છે. અને શાળાએ શિક્ષકનું પ્રતિબિંબ છે. શાળામાં શિક્ષણ કાર્ય દરમ્યાન શિક્ષક અને વિદ્યાર્થી, શિક્ષક અને વાલીગણ તથા શિક્ષક અને સમાજ એક-બીજાને પ્રતિક્રિયા આપે છે. સમગ્ર શિક્ષણ પ્રક્રિયામાં શિક્ષક કેન્દ્ર સ્થાને છે. વિદ્યાર્થીના વિકાસની ચિંતા હોય કે સમાજના વર્તન તરાહમાં પરિવર્તન લાવવું હોય તો શિક્ષક લાવી શકે છે. સામાન્ય વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, હિંમત, સફળતાના ગુણો તથા નિડરતાના ગુણો શિક્ષક ભરી શકે છે. શાળામાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપીને જીવન ઘડતરનો પાયો શિક્ષક નાખે છે. આ ઘડતરની શરૂઆત માતા-પિતા અને કુટુંબથી થાય છે. જયારે વિદ્યાર્થીના જીવન ઘડતરમાં મહત્વનો વિકાસ શિક્ષક દ્વારા થાય છે. જે કાર્ય શિક્ષકના જીવનનું કર્તવ્ય છે.

એક સાચા શિક્ષક તરીકેનું જીવન એટલે સતત શીખતા રહેવું અને સતત શીખવતા રહેવું, જયારે શિક્ષક શીખવાનું બંધ કરે છે. ત્યારે શિક્ષણની પ્રક્રિયામાં ઓટ આવે છે. હંમેશા શીખવવા માટે શીખવવું અત્યંત જરૂરી છે. બાળકોના વિકાસમાં આધુનિક જ્ઞાન મેળવવામાં તથા વર્તમાન સમાજ સાથે તાલ મેળવવા માટે શિક્ષકે સર્તક રહી શીખવું પડે છે. શિક્ષક પ્રકૃતિ પાસેથી, સમાજ પાસેથી અને કેટલુક જ્ઞાન આત્મા પાસેથી પ્રાપ્ત કરે છે. શિક્ષક જયારે પ્રેમાળ અને અત્યંત સંવેદનશીલ બની જાય છે, ત્યારે તેની શિક્ષણમાં

ભૂમિકા અગત્યની બની જાય છે. જે શિક્ષકના જીવનનું કર્તવ્ય છે.

વર્તમાન સમયમાં શિક્ષણમાં આમૂલ પરિવર્તન આવી રહયા છે. ત્યારે શિક્ષકની સજ્જતા અને કૌશલ્યમાં વધારો થાય તેની આવશ્યકતા છે. શિક્ષકનો વ્યવસાય એ સેવાકીય વ્યવસાય છે. જો બાળકોને ધ્યાનમાં રાખીને શિક્ષક પોતાનું કર્તવ્ય નિભાવે તો વિદ્યાર્થીનુ સાચુ જીવન ઘડતર થાય,

સમય પ્રમાણે શિક્ષણ સાથે જોડાયેલી તમામ બાબતો તથા

પરિસ્થિતિ બદલાઇ રહી છે. ત્યારે શિક્ષકની પણ જવાબદારીમાં વધારો થઇ રહયો છે. શિક્ષકને સમાજ માન સમ્માનની દ્રષ્ટિએ જુએ છે. કારણકે પોતાના બાળકોના જીવન ઘડતરમાં શિક્ષકની ભૂમિકા મહત્વની છે. શિક્ષણમાં ટેકનોલોજીના ઉપયોગના કારણે શિક્ષકની ભૂમિકાના સ્થાનમાં પરિવર્તન આવેલ છે. માટે શિક્ષક પોતાની સજ્જતા દ્વારા શિક્ષણકર્મને પૂરતો ન્યાય આપી શકે છે.


રેખા આર.સેંજલિયા

સિ.લે.,ડાયેટ,ભરૂચ

# ભરૂચ જિલ્લાના સાહિત્યકારો

**સાહિત્યકારો**


| | |
|---|---|
| **મૂળ નામ** | :ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર |
| **ઉપનામ** | : 'સુન્દરમ' |
| **જન્મ તારીખ** | : ૨૨/03/૧૯૦૮ |
| **જન્મ સ્થળ** | : મિયામાંતર, તા.જંબુસર |
| **નિર્વાણ** | : ૧૩/૦૧/૧૯૯૧ |

**- મુખ્ય કાવ્યસંગ્રહો** : 'કોયા ભગતની કડવી વાણી', 'કાવ્યમંગલા', 'યાત્રા', 'વસુધા'

**- વિશેષ સિદ્ધિ** : 'કાવ્યમંગલા, કાવ્યસંગ્રહ માટે તેઓને 'રણજીતરામ સુવર્ણચંદ્રક' પ્રાપ્ત થયેલ છે.

**નેહા** : અરે વાહ ! ખરેખર મઝા આવી ગઈ ! તું અમને બીજા સાહિત્યકાર વિશે પણ જણાવને...!

**સમીર** : જો સાંભળો, હવે હું તમને દરેક સાહિત્યકારોની વાત જણાવું, જે આપના ભરૂચ જીલ્લામાં થઇ ગયા.



| | |
|---|---|
| **મૂળ નામ** | : બળવંતરાય કલ્યાણરાય ઠાકોર |
| **ઉપનામ** | : 'સેહની', 'વલ્કલ' |
| **જન્મ તારીખ** | : ૨૩/૦૮/૧૮૬૯ |
| **જન્મ સ્થળ** | : ભરૂચ |
| **નિર્વાણ** | : ૦૨/૦૧/૧૯૫૨, મુંબઈ |

**- મુખ્ય કાવ્યસંગ્રહો** : 'ભણકારા' અને 'નિરુત્તમા'

**- વિશેષ સિદ્ધિ** : - સાહિત્ય ક્ષેત્રે તેમણે કવિ, વિવેચક, ઇતિહાસકાર, ચરિત્રકાર, નાટ્યકાર,નવલિકાકાર, ભાષાંતરકાર અને સંપાદક તરીકે પ્રદાન આપ્યું છે.

- 'પૃથ્વી' છંદ અને સોનેટને ગુજરાતી સાહિત્યમાં પ્રચલિત કરવાનું બહુમૂલ્ય કાર્ય તેમને કર્યું.

| | |
|---|---|
| **મૂળ નામ** | : કનૈયાલાલ માણેકલાલ મુનશી |
| **જન્મ તારીખ** | : ૨૯/૧૨/૧૮૮૭ |
| **જન્મ સ્થળ** | : ભરૂચ |
| **નિર્વાણ** | : ૦૮/૦૨/૧૯૭૧, મુંબઈ |

**- મુખ્ય કૃતિઓ** : 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'રાજાધિરાજ

**- વિશેષ સિદ્ધિઓ** :

- ૧૮૩૮માં ભારતીય વિદ્યાભવનની સ્થાપના કરી.
- ૧૯૩૭, ૧૯૪૯ અને ૧૯૫૫માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે રહ્યા.
- ગુજરાતી સાહિત્યના ઈતિહાસ લેખનમાં 'ગુજરાત એન્ડ ઇટ્સ લિટરેચર' જેવા ઉત્તમ ગ્રંથનું સર્જન કરેલ છે.

**વધુ આવતા અંકે**

# કલાનું શિક્ષણ અને કલા દ્વારા શિક્ષણ : (ધારાવાહિક)

આદરણીય શિક્ષકમિત્રો, નમસ્કાર ! વર્ષોથી આપણે કલાના શિક્ષણની બાબતે મૂંઝવણ અનુભવી રહ્યાં હોય તેમ લાગ્યા કરે છે. ખાસ કરીને પ્રાથમિક કક્ષાએ કલાના મહત્વ વિશે આપણે ઘણી ચર્ચાઓ કરીએ છીએ પરંતુ હવે આપણે આગળ ડગલું માંડવું જ પડશે. કલા એ વિવિધ મૂલ્યોનું મૂળ છે. બાળકનો બૌધ્ધિક વિકાસ તો કરે જ છે, સાથે સાથે સર્જનાત્મક્તા, કલ્પનાશીલતા, એકાગ્રતા અને સૌંદર્યભાવનાનો પણ વિકાસ કરે છે. આધ્યાત્મિક ઉન્નિત્ત કલા દ્વારા સહજ રીતે સાધી શકય છે. આમ કલા વગર માનવીનું જીવન શુષ્ક અને નિરસ થઇ જાય છે.

તો, મિત્રો.. આવનારી પેઢી આ બાબતે સક્ષમ બને તે માટે આપણે સુસજ્જ થઇએ. બાળશિક્ષણ ક્ષેત્રે આપણે મહત્વની ભૂમિકા ભજવવાની રહે છે. એન.સી.એફ.- 2005 તથા આર.ટી.ઇ.માં પણ આ બાબતે જણાવવામાં આવ્યું છે. તે ધ્યાને લઇને ધો - 1 થી 8 માટે કલાશિક્ષણની શિક્ષક આવૃત્તિ તૈયાર કરાયેલ છે. કલાશિક્ષણમાં ચિત્રકલા, સંગીતકલા, નૃત્યકલા તથા નાટ્યકલાનો સમાવેશ કરવામાં આવેલ છે.

મિત્રો, અત્રે પ્રસ્તુત છે ચિત્રકલાનું શિક્ષણ બાળકોને કેવી રીતે આપવું ? તે પહેલાં આપણે વિચારીશું કે દરેક શિક્ષકે ચિત્રકલાનો અભ્યાસ કરેલો નથી હોતો. બાળકોને ચિત્રકામ શીખવવું છે તો આપણે પોતે ખપ પૂરતું તે શીખી જ લેવું જોઇએ. કલાશિક્ષણની શિક્ષક આવૃત્તિ તમારી મદદે જરૂર આવશે. અહીં તેને માટે કેટલીક રીતો આપી છે. તે મુજબ પ્રેક્ટીસ કરવાથી હાથ કેળવાશે અને આનંદ તો જરૂર થશે.

આ માત્ર આપને માટે છે. બાળકોનેબાળસહજ  રસ પડે તેવી ભાષા વાપરી તેમને કલ્પના કરતાં કરવા પડશે.

1. હાથને કેળવવા માટેની પ્રવૃત્તિઓ : આડી, ઉભી,ત્રાંસી, સર્પાકાર રેખાઓ વારંવાર દોરો. ભૌમિતિક આકારો પણ વારંવાર દોરો. આને કેલીગ્રાફી કહે છે. - તમને થશે કે આમાં તો બાળક કંટાળે ! ખૂબ જ સાચી વાત છે. પણ આપ ઉપર અન્ડરલાઇન કરેલ લખાણ વાંચશો તો સમજાશે. .....સમજાયું ?.......
   ચાલો હું સમજાવું.....! આપણી ઉંમર, સમજ અને ધીરજ બાળકો કરતાં અલગ છે.
   બાળકોને શીખવવું હોય તો....!
   બાળસહજ સૂચના : **ઉભી લાકડી,આડી લાકડી, મોટી નિસરણી, આવ રે વરસાદ, નાની લીટીઓ, મોટી લીટીઓ, પતંગની દોરી, જલેબીઓ, લાડુ, રોટલી,સમોસા, ટીવી, થાળી, નાના-મોટા સાપોલિયાં, મુક્ત લીટા- લપરડાં દોરવાની સૂચનાઓ ગમ્મત કરતા હોય તેમ આપ્યા કરવી.**

મિત્રો, આપનો શુભ પ્રારંભ અમારે માટે પ્રોત્સાહક રહેશે..... આવજો... ફરી મળીશું... પ્રતિભાવ આપશો...





ભરત બી. સેડાલા લેક્ચરર ( કલા ) પી.એસ.ટી.ઇ. શાખા

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભરૂચની ધુરા સંભાળનાર માનનીય પ્રાચાર્યશ્રી યોગેશભાઇ પટેલસાહેબનો શુભેચ્છા સમારંભ તેમજ જેઓ હવે તાલીમ ભવનની ધુરા સંભાળનાર છે તેવા માનનીય પ્રાચાર્યશ્રી બી.પી. ગઢવીસાહેબનો સત્કાર સમારંભ તારીખ 8/6/2015 ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભરૂચ ખાતે યોજાઇ ગયો.





તાજેતરમાં યોજાયેલ બાળકવિ સંમેલનમાં ભરૂચના ચાર વિધ્યાર્થીઓએ રાજ્ય કક્ષાએ ભાગ લીધો જેમાં પટેલ દર્શના ટી, ધોરણ 12 એસ.વી.એ.એમ.ગુજરાતી માધ્યમ, પટેલ શિવાની ડી. ,એમિટી ભરૂચ, સિંધા પ્રજ્ઞેશ આર. પ્રા.શાળા અંદાળા, ગોહિલ રાહુલ જે. ,પ્રા.કુ.શાળા,અંદાળા એ ભાગ લઇ ઉત્તમ દેખાવ કર્યો હતો.

પટેલ શિવાનીની કાવ્ય પુસ્તિકાનું વાચન માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે કર્યુ હતું



District Institute of Education and Training

Nr. Manan Ashram,
At & Post. Zadeshwar,
Ta. & Dist. - Bharuch.
Gujarat. (India)

-: પ્રતિભાવ આવકાર્ય :-
E-mail:
diet.bharuch@gmail.com
Website:
www.dietbharuch.org

જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભરૂચ

॥ नर्मदा तु ज्ञानदा ॥

## સુરતનો નજારો

સુરતનો છે સુંદર નજારો,
સ્નેહનો જ્યાં છલકાય છે ક્યારો.
ટેક્ષટાઇલ બજારમાં છે દુકાનો હજારો,
પણ આવી જાય ત્યાં બધાનો વારો.
ટ્રાફીકમાં થાય લાંબી કતારો, રોજ થાય બધે જ દેકારો.
હીરાની કારીગરીમા સુરતનો ઇજારો,
ચઢતી-પડતીનો પણ જોવા મળે નજારો.
ખાણી-પણીમાં આલુપૂરી,લોચો ને ગોટાળો,
રવિવારે બધે જ લાગે જાણે મેળાવળો.
સાડી અને ડ્રેસથી અકડેઠ બજારો, પહેરવેશમાં ન લાગે કોઇ જન બિચારો.
ઓવરબ્રીજનો મળે બધા રસ્તાને સથવારો,
પણ ક્યારેક છલકાય જાય તાપીનો કિનારો.-

માર્કંડ માવાણી
લેક્ચરર,ડાયટ-ભરૂચ

માર્ગદર્શન : શ્રી બી પી ગઢવી , પ્રાચાર્ય, જિ.શિ.તા.ભ., ભરૂચ.
સંપાદન અને ડિઝાઇન: ડો. પ્રીતિ પી. ભટ્ટ, સિ.લે., જિ.શિ.તા.ભ., ભરૂચ.
(નોંધઃ અહીં પ્રકાશિત તમામ લખાણમાંના વિચારો જે તે લેખકને આધિન છે.)

## પ્રેરણાદાયી શાળા સારંગપૂર પ્રાથમિક શાળા ,અંકલેશ્વર







